
# આજે અમેરિકામાં મતદાન

વોશિંગ્ટન, તા.૫

જેના પર સમગ્ર વિશ્વની નજર કેન્દ્રીત થઈ ગઈ છે તે વિશ્વની મહાસત્તા અમેરિકામાં આવતીકાલે છઠ્ઠી નવેમ્બરના દિવસો પ્રમુખપદની ચૂંટણી યોજાનાર છે. પ્રમુખપદની ચૂંટણીને લઈને તખ્તો તૈયાર થઈ ચૂક્યો છે. પ્રમુખ બરાક ઓબામા સત્તા જાળવી રાખવા છેલ્લા ઘણા સમયથી સતત પ્રયત્નશીલ હતા. બીજી બાજુ તેમના હરીફ રિપબ્લિકન પાર્ટીના ઉમેદવાર મીટ રોમની પણ બરાક ઓબામાને પછડાટ આપવા છેલ્લા ઘણા સમયથી સક્રિય હતા. અમેરિકાની ચૂંટણી ઈતિહાસમાં સૌથી મોંઘી બનવા જઈ રહી છે.

આવતીકાલે યોજાનારી ચૂંટણીમાં કુલ ૬ અબજ અમેરિકી ડૉલરમાં અભૂતપૂર્વ ખર્ચ થનાર છે. એકલા પ્રમુખપદની ચૂંટણી પર ૨.૬ અબજ અમેરિકી ડૉલરનો ખર્ચ થશે. ચાર વર્ષ અગાઉ થયેલી ચૂંટણીની સરખામણીમાં આ વખતે ૭૦ કરોડ અમેરિકી ડૉલરનો ખર્ચ વધારે થશે. સેન્ટર ફોર રિસ્પોન્સિવ પોલિટિક્સે પોતાના અહેવાલમાં હાલમાં જ જણાવ્યું હતું કે ચૂંટણી ખર્ચની દૃષ્ટિએ આ ચૂંટણી ઐતિહાસિક બની રહેશે. બહારના જૂથોનું પણ યોગદાર ખૂબ મહત્વપૂર્ણ રહ્યું છે. આ જૂથમાં કેટલાક વ્યક્તિગતો અને સંગઠનોની ભૂમિકા મહત્વપૂર્ણ રહેશે. માત્ર ખર્ચની દૃષ્ટિએ જ આ ચૂંટણી ઐતિહાસિક નથી બલ્કે જે દરે ખર્ચમાં વધારો થયો છે તે દૃષ્ટિએ પણ આ ચૂંટણી ઐતિહાસિક બની જશે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે પ્રમુખપદની ચૂંટણીના

## ઓબામા અને રોમની વચ્ચે જંગ



અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીમાં બરાક ઓબામા અને રિપબ્લિકન ઉમેદવાર મિટ રોમની વચ્ચે સ્પર્ધા

બંને ઉમેદવારના પક્ષ અને વિપક્ષમાં કરવામાં આવનાર ખર્ચનો આંકડો સપ્ટેમ્બર મહિનાના શરૂઆતમાં ૧.૯ કરોડ અમેરિકી ડૉલર હતો જે ઓક્ટોબરની શરૂઆતમાં ૩.૩ કરોડ અમેરિકી ડૉલર થઈ ગયો છે. ૨૧મી ઓક્ટોબરથી શરૂ થયેલા મહિનાના છેલ્લા સપ્તાહમાં આ આંકડો વધીને ૭ કરોડ ડૉલર સુધી પહોંચી ગયો છે. પ્રમુખની ચૂંટણીમાં ૨.૬ અબજ અમેરિકી ડૉલરનો ખર્ચ થનાર છે. ૨૦૦૮માં ૨.૮ અબજ ડૉલરનો ખર્ચ થયો હતો પરંતુ અન્ય રીતે આ ખર્ચનો આંકડો ખૂબ વધી જાય તેવી શક્યતા છે. ૨૦૧૨માં પ્રમુખપદના ઉમેદવાર અને અન્ય મોટી પાર્ટી દ્વારા કુલ ૨૦૦૦ ડૉલરનો ખર્ચ કરવામાં આવનાર છે. બીજી બાજુ બહારના જૂથ દ્વારા ૫૨.૮ કરોડ અમેરિકી ડૉલરનો ખર્ચ કરવામાં આવનાર છે.

## ચૂંટણી પ્રચારમાં જટિલ અર્થતંત્રનો મુદ્દો છવાયો

અમેરિકાની ચૂંટણીમાં પ્રચાર પ્રક્રિયાના ભાગરૂપે હવે મુખ્ય રાજ્યોમાં તોફાની પ્રચાર પ્રક્રિયા ચાલી રહી છે. આ વખતે પણ હાઈવોલ્ટેજ આક્ષેપબાજી બરાક ઓબામા અને મીટ રોમની વચ્ચે થઈ હતી. ૫૧ વર્ષીય ઓબામા અને પ્રથમ મહિલા મિશેલ શિકાગોમાં તેમના વતન પરત ફર્યા છે. ઓબામા વિસ્કોન્સિન અને ઓહિયોમાં બેઠક યોજ્યા બાદ શિકાગો રવાના થયા હતા. લોવા ખાતે પ્રચારનો ઓબામા અંત લાવશે. મિશેલ ઓબામા નોર્થ કેરોલિનામાં અને ફ્લોરિડામાં પ્રચાર કરશે. જ્યારે લોવામાં પ્રચાર કરશે. જ્યારે ઉપપ્રમુખ બિડેન વર્જિનિયામાં પ્રચાર કરશે. રોમની ફ્લોરિડામાં પ્રચાર કરી રહ્યા છે. ૬૫ વર્ષીય રોમની અને તેમના પત્ની અણણા રોમની મતદાન પહેલાં સતત સક્રિય રહેલા છે. તેમના પુત્ર જ્યોર્સ રોમની પણ પ્રચારમાં વ્યસ્ત છે. આ વખતે પ્રચારમાં અર્થતંત્રનો મુદ્દો છવાયેલો રહ્યો છે. નવેસરના પોલમાં જણાવામાં આવ્યું છે કે ઓબામા અને રોમની ૪૮ ટકાના મતદારોના સમર્થકો સાથે ટાઈની સ્થિતિમાં છે. અમેરિકાની ઈલેક્ટ્રોલ કોલેજ વ્યવસ્થા હેઠળ ૫૩૮ ઈલેક્ટ્રોરલ મત ઉપલબ્ધ છે. આનો મતલબ એ થયો કે ૨૭૦ મત જીતવા માટે જરૂરી છે. પ્રચારમાં બંને આક્રમક બનેલા છે. ઓબામા અને રોમની મુખ્ય રાજ્યોમાં પ્રચાર કરી રહ્યા છે. પરિણામ અંગે કંઈ પણ કહેવું મુશ્કેલ છે. રોમની ઓહીયો, પેન્સિલવેનિયા, વર્જિનીયામાં પ્રાચાર કરી રહ્યા છે. જ્યારે ઓબામા ફ્લોરિડા, ઓહીયો, કોલોરાડોમાં લોકોના મન જીતવાના પ્રયાસ કરી રહ્યા છે.જાણકાર લોકોનું કહેવું છે કે નવ રાજ્યોના પરિણામ મુખ્યભૂમિકા અદા કરશે. અહીંના મતદારો છેલ્લી ઘડીએ પોતાનો નિર્ણય કરે છે. છેલ્લા સર્વે મુજબ આ રાજ્યોમાં ઓબામાં આંશિક લીડ ધરાવે છે.

## સંકુચિત કારોબારની વચ્ચે શેરબજારમાં ફ્લેટ સ્થિતિ

મુંબઈ, તા.૫


શેરબજારમાં આજે ઉદાસીન કારોબાર જોવા મળ્યો હતો. વૈશ્વિક બજારોમાં મંદી વચ્ચે કારોબારના અંતે બજારમાં ફ્લેટ સ્થિતિ રહી હતી. આવતીકાલે અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણી યોજાનાર છે. સેન્સેક્સ આજે કારોબારના અંતે સાત પોઈન્ટ ઉછળીને ૧૮૭૬૩ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી છ પોઈન્ટ સુધરીને ૫૭૦૪ની સપાટીએ રહ્યો હતો. એશિયન બજારો આજે મંદીમાં રહ્યા હતા. હેંગસેંગમાં ૧૦૫ પોઈન્ટનો ઘટાડો નોંધાતા તેની સપાટી ૨૨૦૦૬ નોંધાઈ હતી. નિક્કીમાં ૪૪ પોઈન્ટનો ઘટાડો અને સંઘાઈમાં ત્રણ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો. સિઓલ કમ્પોઝિટમાં પણ ૧૦ પોઈન્ટનો ઘટાડો રહ્યો હતો. અમેરિકામાં આવતીકાલે પ્રમુખપદની ચૂંટણી યોજાનાર છે. પ્રમુખ ઓબામા અને રિપબ્લિકન હરીફ મીટ રોમની વચ્ચે ગળાકાપ સ્પર્ધા ચાલી રહી છે. આઈટીસીના શેરમાં આજે સૌથી વધુ ૧.૭ ટકાનો ઉછાળો નોંધાયો હતો. જ્યારે સિપ્લામાં એક ટકાનો સુધારો જોવા મળ્યો હતો. કેપિટલ ગુડ્સ સેગમેન્ટમાં ભેલમાં ૦.૬ ટકાનો ઉછાળો નોંધાયો હતો. બીજીબાજુ હિન્ડાલ્કોમાં સૌથી વધુ ઘટાડો જોવા મળ્યો હતો. તેના શેરમાં ૨.૫ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. બજાજ ઓટો, તાતા પાવર, જિંદાલ સ્ટીલ, તાતા સ્ટીલ, એનટીપીસી, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ભારતી એરટેલ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, તાતા મોટર્સ, આઈસીઆઈસીબેંક, ઈન્ફોસિસ, વિપ્રો, ઓએનજીસી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીના શેરમાં દબાણની સ્થિતિ રહી હતી. આ તમામ શેરને ૦.૩થી બે ટકા સુધીનો ઘટાડો રહ્યો હતો. મોટાભાગના સેક્ટરોમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યુ હતુ. પાવર ઈન્ડેક્સમાં સૌથી વધુ ૦.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો જ્યારે મેટલ, ઓટો, કેપિટલ ગુડ્સ, ઓઈલ એન્ડ ગેસ, પીએસયુ ઈન્ડેક્સમાં ૦.૨ ટકાથી ૦.૫ ટકાનો ઘટાડો રહ્યો હતો. જ્યારે એફએમસીજી, હેલ્થકેર, બેંકેક્સમાં ઉછાળો નોંધાયો હતો. દરમિયાન મુંબઈ સ્ટોક એક્સચેન્જ અને નેશનલ સ્ટોક એક્સચેન્જ બંનેમાં કુલ માર્કેટ ટર્ન ઓવર ૧.૦૪ લાખ કરોડ નોંધાયુ હતુ.

## માયાવતી સામે ટ્રાયલની માંગ કરતી અરજીઓ અંતે ફગાવાઈ

લખનૌ, તા.૫

સમગ્ર દેશને હચમચાવી મૂકનાર તાજ કોરીડોર કેસમાં ઉત્તર પ્રદેશના ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતીને આજે મોટી રાહત મળી ગઈ હતી. માયાવતી સામે ટ્રાયલ પુન શરૂ કરવાની માંગ કરીને દાખલ કરવામાં આવેલી તમામ છ જાહેર હિતની અરજીઓને અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌઉ બેંચે આજે ફગાવી દીધી હતી. માયાવતી સામેના ચુકાદા બાદ તેમના સમર્થકોમાં ખુશીનું મોજું ફળી વળ્યું હતું.

અહેવાલ મુજબ લખનૌઉ બેંચે આ સંબંધમાં દાખલ કરવામાં આવેલી તમામ છ અરજીઓને ફગાવી દઈને કહ્યું હતું કે આ અરજીઓ ચલાવી શકાય તેવી નથી. કારણ કે તેમનામાં કોઈ મેરિટની સ્થિતિ નથી. બસપના વડા સામે ખટલો ચલાવવા ઉત્તર પ્રદેશના પૂર્વ રાજ્યપાલ ટીવી રાજેશ્વરના ઈન્કારને પડકાર ફેંકીને દાખલ કરવામાં આવેલી અરજીના જવાબમાં બેંચે આ આદેશ કર્યો હતો. માયાવતી ઉપરાંત તેમના નજીકના સાથી




નસીમુદ્દીન સિદ્ધિકીને પણ રાહત મળી છે. આ બંને સામે ટ્રાયલ ફરી શરૂ કરવાની તીવ્ર માંગ કરવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે રાજેશ્વરે માયાવતી સામે ખટલો ચલાવવાનો ઈન્કાર કર્યો હતો જેથી જૂન ૨૦૦૭માં ૧૭ કરોડ રૂપિયાના તાજ કોરીડોર કેસમાં તેની તપાસને બંધ કરવાની સીબીઆઈને ફરજ પડી હતી. આ અંગે પ્રતિક્રિયા કરતા સૂત્રોએ કહ્યું છે કે માયાવતી ખૂબ જ ખુશ દેખાઈ રહ્યા છે. માયાવતીને આનાથી મોટી રાહત મળી છે. તેમના સમર્થકોનું કહેવું છે કે આ અરજી રાજકીય રીતે પ્રેરિત હતી.

માયાવતીને બદનામ કરવાના હેતુસર અરજી દાખલ કરવામાં આવી હતી. જો કે અરજીદારોએ અલ્હાબાદ હાઈકોર્ટના આદેશને સુપ્રીમ કોર્ટમાં પડકાર ફેંકવાનો નિર્ણય કર્યો છે. વકીલોએ કહ્યું છે કે આ કેસને આગળ વધારવામાં આવશે. અગાઉ કેસ લડી રહેલા વકીલોએ દલીલ કરી હતી કે ભૂતકાળમાં સુપ્રીમ કોર્ટના કેટલાક ચુકાદાઓમાં જણાવવામાં આવ્યું છે કે સીબીઆઈને કોઈપણ વ્યક્તિ સામે ખટલો ચલાવવા સંબંધિત સત્તા તરફથી મંજૂરી લેવાની કોઈ જરૂર નથી. વર્ષ ૨૦૦૭માં તત્કાલીન રાજ્યપાલ પી રાજેશ્વરે માયાવતી સામે ખટલો ચલાવવા ઈન્કાર કર્યો હતો. તાજ કોરીડોર પ્રોજેક્ટ વર્ષ ૨૦૦૨માં માયાવતી દ્વારા લોંચ કરવામાં આવ્યો હતો. તાજમહેલ નજીકના વિસ્તારોને વધુ ખૂબસુરત બનાવવાનો આની પાછળ હેતુ હતો. ૧૭ કરોડ રૂપિયા જારી કરવામાં આવ્યા હતા. જરૂરી પર્યાવરણની મંજૂરી લીધા વગર આ કામ હાથ ધરવામાં આવ્યું હતું. ૨૦૦૩માં સુપ્રીમ કોર્ટે આ આક્ષેપોમાં તપાસ કરવા સીબીઆઈને આક્ષેપ કર્યો હતો.

## રિબોર્ક છેતરપિંડી કેસમાં ઈડી દ્વારા પણ ઊંડી તપાસ

નવી દિલ્હી, તા. ૫

એમ્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ૮૭૦ કરોડના રિબોર્ક ઠગાઈ કેસમાં મની લોન્ડ્રીંગ મામલે તપાસ હાથ ધરી છે. સ્પોર્ટ એપેરલ કંપની રિબોર્ક ઈન્ડિયામાં છેતરપિંડીના આ કેસના મામલામાં ઊંડી તપાસ કરવામાં આવતા ખળભળાટ મચી ગયો છે. મળેલી માહિતી મુજબ નવા કેસની નોંધણીની સાથે જ ઈડી આ અભૂતપૂર્વ કૌભાંડમાં તપાસ કરનાર ચોથી તપાસ સંસ્થા બની ગઈ છે. ત્રણ તપાસ સંસ્થા પહેલાંથી જ રિબોર્ક કાંડમાં તપાસ કરી રહી છે. મની લોન્ડ્રીંગ એક્ટની જોગવાઈ હેઠળ નવા કેસની નોંધણી કરવામાં આવી ચૂકી છે. નાણાંમંત્રાલય હેઠળ ઈન્કમટેક્સ વિભાગ, કોર્પોરેટ મંત્રાલય હેઠળ એસએફઆઈઓ અને ગુડગાંવ પોલીસની ઈકોનોમીક ઓફેન્સ વીંગ





દ્વારા પણ તપાસ કરવામાં આવી રહી છે. નવી દિલ્હી સ્થિત આ કંપની અને તેના અધિકારીઓ સામે ઊંડી તપાસ ચાલી રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ ઈડીએ હવે કંપની અને ભારતમાં તેના બિઝનેસ સાથે સંબંધિત નાણાંકીય દસ્તાવેજો અને બેંક સ્ટેટમેન્ટની ચકાસણી હાથ ધરી છે. તપાસના સંબંધમાં અન્ય સંસ્થાઓનો પણ સંપર્ક કરવામાં આવ્યો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે કહ્યું છે કે તમામ દસ્તાવેજોમાં તપાસ બાદ કોઈ વિગત આવી શકે છે. બીજી બાજુ એક નિવદેનમાં રિબોર્ક ઈન્ડિયાનું કહેવું છે કે ચોક્કસ માહિતી ઉપલબ્ધ કરાવવા રિબોર્ક ઈન્ડિયા કંપનીને નોટિસ મારફતે વિનંતી કરવામાં આવી છે. કંપનીએ પણ મામલામાં તપાસમાં સહકાર આપવાની ખાતરી આપી છે. તપાસ બાદ તપાસકારોએ સંકેત આપ્યો છે કે અધિકારીઓની સંડોવણી ખુલી શકે છે. ઈડી ૨૦૦૬ બાદથી કંપની દ્વારા ફોરેન એક્સચેન્જ નિયમોના ભંગ મામલામાં તપાસ કરી રહી છે.

## આંધ્રમાં આઠ જિલ્લાઓમાં પૂરની સ્થિતિ : મૃતાંક વધીને ૨૨

હૈદરાબાદ, તા. ૫

આંધ્રપ્રદેશમાં ભારે વરસાદ હજુ પણ જારી છે. વરસાદથી લોકોની હાલત કફોડી બનેલી છે. જનજીવન પણ સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. આંધ્રપ્રદેશના આઠ જિલ્લાઓમાં પૂરની સ્થિતિ સર્જાઈ ગઈ છે. અહીં મોતનો આંકડો વધીને ૨૨ ઉપર પહોંચી ગયો છે. સૈકડો ગામો પૂરના સંકંજામાં આવી ગયા છે. રેલવે વ્યવહાર સંપૂર્ણપણે ઠપ થઈ ગયો છે. લાખો હેક્ટર વિસ્તારમાં પાકને નુકસાન થયું છે જેથી અર્થતંત્રને ભારે નુકસાન થયું છે. વિશાખાપટ્ટનમમાં વિમાની મથક નજીકના વિસ્તારોમાં પૂરના પાણીના કારણે મોટી વયના લોકોની હાલત કફોડી બનેલી છે. રાહત કેમ્પોમાં લોકોને ખસેડવામાં આવી રહ્યા છે. ઉત્તર પૂર્વ મોનસૂનના કારણે ભારે વરસાદ હજુ પણ થઈ રહ્યો છે. તાજેતરમાં નીલમ વાવાઝોડું આંધ્રપ્રદેશ અને તામિલનાડુમાં ત્રાટક્યું હતું જેની અસર હજુ પણ દેખાઈ રહી છે. ડીઝાસ્ટર મેનેજમેન્ટના કમીશનર ટી. રાધાએ કહ્યું છે કે કોનાસીમા પ્રદેશમાં અભૂતપૂર્વ વરસાદ પડ્યો છે. છેલ્લા ૪૦ વર્ષમાં સૌથી ભારે વરસાદ પડ્યો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. પશ્ચિમી ગોદાવરીમાં નરસાપુરમાં રેકોર્ડ વરસાદ થયો છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં ૬૦હજારથી વધુ લોકોને



૮૬ રાહત કેમ્પમાં ખસેડવામાં આવ્યા છે. વિશાખાપટ્ટનમમાં જનજીવન વરસાદના કારણે સતત ચોથા દિવસે પણ ખોરવાયેલું રહ્યું છે. શહેરમાં મુખ્ય માર્ગો ધોવાઈ ગયા છે. બંદર શહેરના નિવાસીઓનું કહેવું છે કે બે દશકમાં સૌથી કફોડી હાલત બનેલી છે. વિશાખાપટ્ટનમ જિલ્લામાં બે વોલ્વો બસના યાત્રીઓ પૂરના પાણીમાં ફસાઈ ગયા છે. ૪૦૦૦ લોકોને વિશાખાપટ્ટનમ જિલ્લામાં ૧૯ રાહત કેમ્પમાં ખસેડવામાં આવ્યા છે. પૂરના કારણે ૪૮૦ મકાનોને સંપૂર્ણપણે નુકસાન થયું છે જ્યારે ૪૮૬ને આનશિંક રીતે નુકસાન થયું છે. ડાંગર સહિત ઊભા પાકને ૨૪૩૬૩૪ હેક્ટર વિસ્તારમાં ભારે નુકસાન થયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે આંધ્રપ્રદેશ અને તામિલનાડુમાં તાજેતરમાં જ નીલમ વાવાઝોડું ત્રાટક્યું હતું જેના કારણે ભારે નુકસાન થયું હતું. હજું નુકસાનની ગણતરી થઈ રહી છે.

## વિવેકાનંદની સરખામણી ડોન દાઉદ સાથે કરી નથી : ગડકરી

નવી દિલ્હી, તા.૫

ભાજપ પ્રમુખ નીતિન ગડકરી હાલમાં વિવાદોના ઘેરામાં આવી ગયા છે. એક પછી એક આરોપો તેમના પર મુકવામાં આવી રહ્યા છે. સ્વામી વિવેકાનંદની સરખામણી અંડરવર્લ્ડ ડોન દાઉદ સાથે કરવામાં આવી હોવાના અહેવાલોને નીતિન ગડકરીએ આજે રદિયો આપ્યો હતો. જો કે આ મામલે તેઓ જોરદાર રીતે ફસાઈ ગયા છે. ગડકરીનો વધુ એક વિવાદ ભાજપ માટે મુશ્કેલી સર્જી રહ્યો છે. ગડકરીએ કહ્યુ છે કે તેઓએ સ્વામી વિવેકાનંદના આઈક્યુ એટલે કે બૌદ્ધિક સ્તરની સરખામણી ડોન દાઉદ સાથે કરી નથી. ભોપાલમાં આપવામાં આવેલા ભાષણ અંગે પત્રકારોએ ગડકરીને પ્રશ્ન કરતા તેમણે કહ્યુ હતુ કે સ્વામી વિવેકાનંદ અને દાઉદ વચ્ચેની સરખામણી તેઓએ કરી નથી.

ગડકરીએ ખુલાસો કરતા કહ્યુ હતુ કે તેઓએ માત્ર એટલુ જ કહ્યુ હતુ કે જો કોઈ વ્યક્તિ પોતાની બુદ્ધિનો યોગ્ય ઉપયોગ કરે તો તે વિવેકાનંદ અથવા તો દાઉદ ઈબ્રાહિમ બની શકે છે. ગડકરીએ કહ્યુ હતુ કે તેમના નિવેદનને ખોટી રીતે રજુ કરવામાં આવ્યુ છે. અત્રે ઉલ્લેખનિય છે કે ભોપાલમાં ગઈકાલે એક કાર્યક્રમમાં પોતાના નિવેદનમાં ગડકરીએ કહ્યુ હતુ કે મનોવિજ્ઞાનમાં અમારા આઈક્યુ સ્તર માપવામાં આવે છે પરંતુ આ જુદીજુદી વ્યક્તિ પર આધારિત હોય છે. કયા ક્ષેત્રમાં પોતાની બુદ્ધિનો ઉપયોગ કરે છે તે બાબત જુદી રીતે આધાર આપે છે. તેમણે ઉમેર્યુ હતુ કે જો અમે સ્વામી વિવેકાનંદના આઈક્યુ સ્તરની સરખામણી દાઉદ સાથે કરીએ તો બંનેના આઈક્યુ સ્તર એક સમાન જોવા મળે છે. વિવેકાનંદે આનો ઉપયોગ દેશના નિર્માણ, ભાઈચારા અને શિક્ષણ માટે કર્યો હતો. જ્યારે દાઉદે આનો ઉપયોગ વિનાશકારી ઉદ્દેશ્ય માટે કર્યો હતો.

### ધૂપસળી ધૂણાવે આકાશ (પાના નં. ૪ નું ચાલુ)

● સનગ્લાસીસ (ગોગલ્સમાં) મારી આંખો સંતાડી રાખી. છતાં એણે બેવકૂફીની હદ વટાવી દીધી અને આખરે આ પરિસ્થિતિ આવી પડી હશે.

● આંખ મારી છતાં જોતી કોઈને

નાહક ફોડી આંખો એમ જ, રોઈ રોઈને

મેં સમજાવ્યું છાને ખૂણે.. છાની માની પડી રે ને ! શું કરવા ઘરનું ખાઈ ગાંડી ઠરે છે મૂરખ ! પણ હાય રે! કિસ્મત સમજી જ નહીં એ બુધ્ધુ.

● આ રસ્તે... રસ્તે ઢોર ચાલ્યાં હશે, એ એમનાં પગલાં નહીં, પાંદડા કહી જાય છે. ને એવા અનુમાનો કરવામાં નાહક આંખોએ નૂર ગુમાવ્યા હશે.

● લ્યો... આ એકવીસમી સદીના ગુલાબજાબું.. લગ્ને લગ્ને કુંવારા. કેટલી આંખો ફોડી હશે હૈ...?

● ઠેર ઠેર ભટકતી લાખો આંખોની તોડી નાખો પાંખો.. કે કછુઆથી હાંકો, શું મારો છો ફાંકો. અરે! કોઈ તો ભવિષ્ય ભાંખો... આ આખા લેખમાં આંખોએ છતી કરી સઘળી શાખાઓ... બુદ્ધિના દરવાજા બંધ કરી ત્રુટક ત્રુટક આ લેખ લખાયો છતાંય પેલી શટલોના ઉઘાડ બંધ વચ્ચે અટવાયેલી આ અકર્મીની આંખો..

જવા દો... હવે આંખો વિશે જેટલું કહું એટલું ઓછું. જેટલું ઓછું છતાંય.. જવાબે ચાલી.. જ્યાં જ્યાં જાય છે ત્યાં 'આંખ એ રતન છે... અણમોલ રતન છે' એને જાળવવી જોઈએ. એ ભાષણ આપવાનું ચૂકતી નથી. વળી, એ ભાષણને લંબાવું તો ચીનની દિવાલને વટાવે લંબાઈમાં દુનિયાની આઠ અજાયબીમાં નવમી અજાયબીમાં ઉમેરૂં છું મારી નબળી આંખો.


હવે છોડી દો એ વાત ને... આજે પણ એ મારી નબળી આંખોને પાંખો ફૂટી છે હોં...

## પ્રથમ બે ટેસ્ટ માટે ટીમ જાહેર થઈ

### ભારતીય ટીમમાં યુવરાજસિંહ અને હરભજનસિંહની ટેસ્ટ મેચમાં ઉલ્લેખનિય વાપસી

મુંબઈ, તા.૫

ઈંગ્લેન્ડ સામેની પ્રથમ બે ટેસ્ટ મેચ માટે આજે મહેન્દ્રસિંહ ધોનીના નેતૃત્વમાં ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરી દેવામાં આવી હતી. ધારણા પ્રમાણે જ ભારતીય ટીમમાં યુવરાજસિંહે ટેસ્ટ મેચમાં ઉલ્લેખનિય વાપસી કરી છે. જયારે ઓફ સ્પિનર હરભજનસિંહે પણ લાબાં ગાળા બાદ ટીમમાં વાપસી કરી છે. ઈંગ્લેન્ડ સામેની પ્રથમ ટેસ્ટ મેચ ૧૫મી નવેમ્બરથી અમદાવાદમાં શરૂ થઈ રહી છે. ગયા વર્ષે અસામાન્ય જર્મસેલ કેન્સરની સારવાર લીધા બાદ ૩૦ વર્ષીય યુવરાજસિંહે શાનદાર વાપસી કરી છે. કેન્સર સામેની જંગ જીતી લીધા બાદ યુવરાજસિંહે હવે શાનદાર વાપસી ટેસ્ટ ક્રિકેટમાં પણ કરી છે. સ્થાનિક ક્રિકેટમાં યુવરાજસિંહનો દેખાવ શાનદાર રહ્યો છે. ભૂતપૂર્વ ટેસ્ટ ક્રિકેટર સંદિપ પાટીલના નેતૃત્વમાં નવી પસંદગી પેનલ તરફથી હરભજનને પણ લીલીઝંડી મળી ગઈ છે. હરભજનસિંહ એક વર્ષથી પણ લાંબા ગાળા બાદ ટીમમાં વાપસી કરવામાં સફળ રહ્યો છે. જો કે પસંદગીકારોએ કોઈ મોટા આશ્ચર્યજનક ફેરફાર કર્યા નથી.




યુવરાજસિંહને સામેલ કરવાના હેતુસર સુરેશ રૈનાને પડતો મુકવામાં આવ્યો છે જ્યારે હરભજનસિંહને ઘાયલ થયેલા લેગસ્પિનર પિયુષ ચાવલાની જગ્યાએ ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ટીમના સૌથી સિનિયર ખેલાડી સચિન તેન્ડુલકર પણ મિડલ ઓર્ડરમાં યથાવતરીતે રહેશે. વિરાટ કોહલી ખુબ સારા ફોર્મમાં ચાલી રહ્યો છે. મિડલ ઓર્ડરમાં અન્ય બે બેટ્સમેનોમાં ચેતેશ્વર પુજારા અને યુવરાજનો સમાવેશ થાય છે. તમિળનાડુના ઓપનિંગ બેટ્સમેન મુરલી વિજયનો રિઝર્વ ઓપનર તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

અનુભવી ખેલાડી વિરેન્દ્ર સહેવાગ અને ગૌતમ ગંભીરની જોડીને જાળવી રાખવામાં આવી છે. આ જોડી છેલ્લા ઘણા સમયથી ફ્લોર રહી છે. એસ બદ્રીનાથની જગ્યાએ વિજયનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઈજાગ્રસ્ત ઝહીરખાન પણ સ્થાન જાળવી રાખવામાં સફળ રહ્યો છે. ઉમેશ યાદવ અને ઈશાંત શર્મા અન્ય બે ઝડપી બોલર રહેશે. ટીમમાં સાત સ્પેશિયાલિસ્ટ બેટ્સમેનો, ત્રણ ઝડપી બોલરો, ત્રણ સ્પિનરો અને એક વિકેટકિપરનો સમાવેશ થાય છે. શ્રેણીની શરૂઆત અમદાવાદથી થશે. અમદાવાદ બાદ મુંબઈમાં બીજી ટેસ્ટ મેચ ૨૩મીથી ૨૭મી નવેમ્બર દરમિયાન રમાશે. ત્યારબાદ ત્રીજી ટેસ્ટ મેચ કોલકાતામાં અને અંતિમ ટેસ્ટમેચ નાગપુરમાં રમાશે. યુવરાજ માટે આ ભાવનાશીલ વાપસી થઈ છે. સપ્ટેમ્બર મહિનામાં શ્રીલંકામાં વર્લ્ડ ટ્વેન્ટિ-૨૦ ચેમ્પિયનશીપ દરમિયાન તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસી કરવામાં સફળ રહ્યો હતો. સેન્ટ્રલ ઝોન સામે ૨૦૮ રન બનાવ્યા હતા. ઉપરાંત ઈન્ડિયા એ તરફથી ઈંગ્લેન્ડ સામે ૫૯ રન અને પાંચ વિકેટ પણ ઝડપી હતી.

પ્રથમ બે ટેસ્ટ મેચ માટેની ટીમ નીચે મુજબ છે.

મહેન્દ્રસિંહ ધોની (કેપ્ટન), વિરેન્દ્ર સહેવાગ, ગૌતમ ગંભીર, વિરાટ કોહલી, સચિન તેન્ડુલકર, યુવરાજસિંહ, ચેતેશ્વર પુજારા, આર અશ્વિન, ઉમેશ યાદવ, પ્રજ્ઞાન ઓઝા, રહાણે, હરભજનસિંહ, ઈશાંત શર્મા, મુરલી વિજય, ઝહિરખાન.

### મોંઘેરા મોતી (પાના નં. ૪ નું ચાલુ)

ઉષાબહેન અને ગુલાબભાઈએ અમેરિકા, કેનેડા, ફ્રાંસ તથા ઈટાલીનો પ્રવાસ કરેલ છે. શ્રીમતી ઉષાબહેનને પ્રાપ્ત થયેલા મહત્ત્વના પુરસ્કારોમાં યંગમેન્સ ગાંધીઅન એસોસીએશન દ્વારા 'અશોક ગોંધિયા એવોર્ડ,' ભારતનાં રાષ્ટ્રપતિ ડૉ. એ. પી. જે. અબ્દુલ કલામના હસ્તે રાષ્ટ્રપતિ ભવન - દિલ્હીમાં ભારત સ્કાઉટ - ગાઈડ દ્વારા 'સિલ્વર સ્ટાર એવોર્ડ' જાન્યુ. ૨૦૧૧માં આશીર્વાદ એજ્યુકેશન ટ્રસ્ટ, અમદાવાદ, દ્વારા સિસ્ટર નિવેદિતા સ્કૂલ ઑન વ્હીલ્સની પ્રવૃત્તિ માટે ગુજરાતના રાજ્યપાલ મહામહિમ ડૉ. શ્રીમતી કમલા બેનીવાલના હસ્તે 'ધરતી રત્ન એવોર્ડ' મુખ્ય છે.

શ્રી ગુલાબભાઈ જાનીને પ્રાપ્ત થયેલા મહત્ત્વનાં પુરસ્કારોમાં 'સમન્વય' સંસ્થા દ્વારા ગુજરાતના શ્રેષ્ઠ શિક્ષણશાસ્ત્રી, ઈન્ટરનેશનલ એસોસિયેશન ઑપ એજ્યુકેટર્સ દ્વારા ડૉ. એસ. રાધાકૃષ્ણન એવોર્ડ, યંગમેન્સ ગાંધીઅન એઓસિએશન દ્વારા' અશોક ગોંધિયા એવોર્ડ તથા પ્લેટો એવોર્ડ જેવા એવોર્ડ્ઝ પ્રાપ્ત થયા છે. આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત એડલગીવ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા સમગ્ર ભારતમાં શિક્ષણક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી કરવા માટે ફેબ્રુઆરી -૨૦૧૨માં એડલગીવ સૉશિયલ ઈનોવેશન ઓનર્સ-૨૦૧૨ અન્વયે ટ્રોફી અને રૂપિયા એક લાખનો એવોર્ડ પ્રાપ્ત થયા છે.

તેમનાં બંવે સંતાનો પ્રતિભા સંપન્ન છે. પુત્રી વિભાવરી આર્કિટેક્ટ અને ઈન્ડિરિયન ડિઝાઈનર છે. પુત્ર એમ.એમ. (કૉમ્પ્યુટર સાયન્સ), એમ.બી.એ. થયેલ છે. અમેરિકામાં સાઉથ કેરોલિના કોલંબિયામાં 'બ્યુક્રોસ બ્લુશિલ્ડ' કંપનીમાં ઊંચા હોદ્દા પર કાર્ય કરે છે. પુત્રવધુ કાનન ફિઝિયોથેરાપિસ્ટ છે અને ત્યાંની હૉસ્પિટલમાં કાર્ય કરે છે. અર્ણવ તથા આરૂષ બે પૌત્રો છે.

કયારેક થાક લાગે ત્યારે બાળદેવોને પ્રસન્ન જોઈ ફરી સ્ફૂર્તિ મેળવે છે. વર્તમાન શિક્ષણ વ્યવસ્થા વિશે કોઈ વ્યથા વ્યક્ત કરે ત્યારે આ જાની દંપત્તિનો એક જ જવાબ હોય કે, 'અંધકારની ફરિયાદ કરવાને બદલે નાનકડું પ્રકાશિત કોડિયું બની, થાય એટલું કરીએ.' અને કવિ શ્રી ઉશનસ્‌ની ઉક્તિઓનું સ્મરણ કરતાં હસતાં - હસતાં જણાવે કે -

કોક જણે તો કરવું પડશે, ભાઈ! એક જણે તો કરવું પડશે, ભાઈ!
કશુંય ન કરવાની કેવી તામસ આ ફરિફાઈ?

તેમના મો. નં. છે ૯૮૨૪૩૦૦૧૬૦